દાખલ થયા  તારીખ : ૨૪–૦૯–૨૦૨૫
રજી.લીધા તારીખ  : ૨૪–૦૯–૨૦૨૫
ફેસલ થયા તારીખ  : ૦૩ –૦૭–૨૦૨૬
સમયગાળો :–  વર્ષ  માસ  દિવસ

**<u>મોડાસા ના  મહેરબાન. પ્રિન્સિપાલ મેજીસ્ટ્રેટ, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ સમક્ષ</u>**
**<u>મુકામ–:મોડાસા.</u>**

જુવેનાઈલ બાળ કેસ નં.૪૬ /૨૦૨૫
આંક:

શ્રી સરકાર  ::::::::::  ::::::::::  **ફરીયાદી.**

**વિરુધ્ધ**

કા.સં.આ.બાળક ........ રાજુ (જુવેનાઇલની ઓલખ ગુપ્ત રાખવા ડમી નામ આપેલ છે.)
:::::::::: **<u>કાયદાના સંઘર્ષમા આવનાર બાળક.</u>**

**ગુન્હો:**–બી.એન.એસ.કલમ:૧૧૫ (૨),૧૧૮(૧),૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબ

------------------------------------

ફરીયાદપક્ષે વિધ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી આર.એચ.જુરાણી
કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરો તરફે વિધ્વાન વકીલ શ્રી  વિ.વી.પી.ઠાકોર

------------------------------------

## // ઠરાવ //

(૧) ફરીયાદ પક્ષના કેસની સંક્ષિપ્તમાં હકીકત એવી છે કે,આ કામે કોલમ નં.૧ માં જણાવેલ આોરપીઓ તથા કાં.સ.કી.એ તા.૦૯/૦૮/૨૦૨૫ ના આશરે કલાક.૧૬/૦૦ વાગ્યાના આસપાસ મોજે રોમળા ગામે તળાવ નજીક રોડ ઉપર આ કામના ફરીયાદી તથા સાહેદનાઓ મો.સા લઈ શામળાજી આવવા સારુ નીકળેલ હતા તે વખતે રામેળા ગામે તળાવ નજીક રોડ ઉપર આ કામના આરોપી નં.૧ તથા ર નાઓ તેઓની મો.સા ઉભી રખાવી જુના ઝઘડાની અદાવત રાખી આરોપી નં.૧ તથા આરોપી નં.ર નાઓ મો.સા ઉપરથી નીચે ઉતારી આરોપી નં.૧ નાઓ ફરીયાદીને માથાના ભાગે ધારીયાનો લોખંડનો હાથો મારી ઈજા કરી તથા આરોપીનં.ર નાઓએ ફરીયાદીના જમણા હાથ ઉપર લોખંડની પાઈપ મારી ઈજા કરી ફરીયાદીને નીચે પાડી ગડદાપાટુનો માર મારતા હોય તે વખતે આ કામના સાહેદ સહદેવભાઈ બાબુભાઈ કોપસાનાઓ ફરીયાદીને બચાવવા વચ્ચે પડતાં આ કામના આરોપી નં.ર નાઓએ સાહેદ સહદેવભાઈ બાબુભાઈ કોપસાનાઓના જમણા હાથ ઉપર લોખંડની પાઈપ મારી ઈજા કરી તથા આરોપી નં.૩ તથા કાં.સ.કી.નાઓ પાછળથી આવી આરોપી નં.૧,ર,૩ નાઓ તથા કાં.સ.કી.નં.૪ નાઓ આવી ફરીયાદી તથા સાહેદનાઓને મા બહેન સામી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મે.જીલ્લા મેજી. સા.શ્રી ના ચાલતા જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી બી.એન.એસ.કલમ: ૧૧૫ (ર),૧૧૮(૧),૩પર,૩પ૧(ર),પ૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબના ગુન્હાઓ કર્યા અં ગેનુ ચાર્જશીટ બાળઅદાલત મોડાસા ખાતે તારીખ:ર૩-૦૭-ર૦રપ ના રોજ હાલના કા.સ.કી.નાઓ સામે દાખલ કરવામાં આવેલ,જયારે અન્ય આરોપીઓ સામેનું ચાર્જશીટ અલગથી અન્ય કોર્ટમાં રજુ કરવામાં આવેલ.

(ર) પ્રસ્તુત કેસમાં કા.સ.કી.નાઓને જામીન ઉપર મુકત કર્યા બાદ કા.સ.કી.નાઓને સમન્સ કરતાં કા.સ.કી. નામ.કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ પેપર્સની અને ચાર્જશીટની નકલો

આપવામાં આવી.ત્યારબાદ ગુન્હા સંબંધી પ્રમુખ,બાળઅદાલત મોડાસાનાઓએ કા.સ.કી. સામે તહોમતનામું ઘડી વાંચી સંભળાવી,સમજાવી આંક :૦૩ સુધી પ્લી નિવેદનો લેતાં કાં.સ.કી. નાઓએ તેમની સામેના ગુન્હાઓનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી અને ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરવા જણાવેલ.

(૩) પ્રસ્તુત કેસમાં ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો નીચે મુજબ છે.

**<u>મૌખિક પુરાવો.</u>**

(૧) આંક:૦૯ થી સિધ્ધરાજભાઈ બાબુભાઈ કોપસા–ફરીયાદી

(૨) આંક:૧૧ થી સહદેવભાઈ બાબુભાઈ કોપસા–સાહેદ

**<u>દસ્તાવેજી પુરાવો.</u>**

(૧) આંક :૧૦ થી ફરીયાદ
(૨) આંક:૧૨ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ

(૩) આંક: ૧૩ થી મારક હથીયારો કબજે કરેલ પંચનામા

(૪) આંક:૧૪ થી મેડીકલ સર્ટીફીકેટ

(૫) આંક:૧૫ થી મેડીકલ સર્ટીફીકેટ

(૬) આંક:૧૬ થી ફરીયાદીની કલોઝીંગ પુરસીસ

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો જોતા કાયદાના સંઘર્ષમાં આવનાર બાળક સામે પ્રથમ દર્શનીય કોઈ પુરાવો જણાઈ નહિ આવતા કાયદાના સંઘર્ષમા આવનાર બાળકનુ ક્રિ.પો.કોડની કલમ–૩૧૩ મુજબ નિવેદન લેવામાં આવેલ નથી ત્યારબાદ કોઈ પુખ્ત પુરાવો ન હોવાથી અને ફરીયાદ પક્ષ તરફે સાહેદ તપાસેલા ન હોવાથી સાદર કામને જજમેન્ટ પર લેવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી આર.એચ.જુરાણી તેમજ કા.સ.કી.બાળક તર્ફે તેમના વિ.વકીલ શ્રી વી.પી.ઠાકોર દ્રારા દલીલ કરવામાં આવે છે.

(૫) પ્રસ્તુત કેસમાં ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી આર.એચ.જુરાણીની તથા કા.સ.કી.ના વિ.વકીલશ્રી વિ.વી.પી.ઠાકોરની દલીલો સાંભળવામાં આવી

(૫/૧) પ્રસ્તુત કેસમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે,આ કામે ફરીયાદ પક્ષે રજુ રાખેલ ફરીયાદીના પુરાવાથી ફરીયાદ પક્ષ નિ:શંકપણે પોતાનો કેસ સાબીત કરી શકેલ છે આમ,ફરીયાદ પક્ષની હકીકતો નિ:શકપણે સાબીત થતી હોય આ કામના કા.સ.કી.નાઓને કાયદા હેઠળ સખત નસીયત કરવી જોઈએ.

(૫/૨) પ્રસ્તુત કેસમાં આ સામે કા.સ.કી. તરફે વિ. વકીલશ્રીએ રેકર્ડ ઉપર આવેલ પુરાવા તરફ ધ્યાન દોરી દલીલ કરતાં જણાવેલ છે કે, પ્રસ્તુત કેસમાં ફરિયાદપક્ષે રજૂ કરેલ ફરીયાદી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી લેશમાત્ર પુરાવો આપતા નથી અને હાલના કા.સ.કી. ને સદર ગુનામાં સાંકળતો હોવાનો કોઈજ પુરાવો આપતા નથી અને તે રીતે ફરીયાદ પક્ષે હાલના કા.સ.કી.સામેનો આરોપ જરૂરી, પુરતા અને વિશ્વસનીય પુરાવાથી સાબીત કરી શકેલ ન હોય,કા.સ.કી.નાઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ .

(૬) પ્રસ્તુત કેસમાં ઉપરોકત હકીકતોએ નીચે મુજબના મુદ્દા મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

// મુદ્દાઓ //

:૧: શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામે કોલમ નં.૧ માં જણાવેલ આોરપીઓ તથા કાં.સ.કી.એ તા.૦૯/૦૮/૨૦૨૫ ના આશરે કલાક.૧૬/૦૦ વાગ્યાના આસપાસ મોજે રોમળા ગામે તળાવ નજીક રોડ ઉપર આ કામના ફરીયાદી તથા સાહેદનાઓ મો.સા લઈ શામળાજી આવવા સારુ નીકળેલ હતા તે વખતે રામેળા ગામે તળાવ નજીક રોડ ઉપર આ કામના આરોપી નં.૧ તથા ૨ નાઓ તેઓની મો.સા ઉભી રખાવી જુના ઝઘડાની અદાવત રાખી આરોપી નં .૧ તથા આરોપી નં.૨ નાઓ મો.સા ઉપરથી નીચે ઉતારી આરોપી નં.૧ નાઓ ફરીયાદીને માથાના

ભાગે ધારીયાનો લોખંડનો હાથો મારી ઈજા કરી તથા આરોપીનં.૨ નાઓએ ફરીયાદીના જમણા હાથ ઉપર લોખંડની પાઈપ મારી ઈજા કરી ફરીયાદીને નીચે પાડી ગડદાપાટુનો માર મારતા હોય તે વખતે આ કામના સાહેદ સહદેવભાઈ બાબુભાઈ કોપસાનાઓ ફરીયાદીને બચાવવા વચ્ચે પડતાં આ કામના આરોપી નં.૨ નાઓએ સાહેદ સહદેવભાઈ બાબુભાઈ કોપસાનાઓના જમણા હાથ ઉપર લોખંડની પાઈપ મારી ઈજા કરી તથા આરોપી નં.૩ તથા કાં.સ.કી.નાઓ પાછળથી આવી આરોપી નં.૧,૨,૩ નાઓ તથા કાં.સ.કી.નં.૪ નાઓ આવી ફરીયાદી તથા સાહેદનાઓને મા બહેન સામી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મે.જીલ્લા મેજી. સા.શ્રી ના ચાલતા જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી બી.એન.એસ.કલમ: ૧૧૫ (૨),૧૧૮(૧),૩૫૨,૩૫૧ (૨),૫૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

:૨: શું હુકમ ?

(૭) પ્રસ્તુત કેસમાં ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧).. નકારાત્મક.

(૨).. છેવટના હુકમ મુજબ.

(૮) <u>-: કા ર ણો :-</u>

<u>મુદ્દા નં. ૧ તથા ૨ :-</u>

પ્રસ્તુત કેસનુ રેકર્ડ જોતાં પુનરાવર્તન ન થાય તે હેતુસર તેમજ વારંવાર ચર્ચા ન કરતાં સરળતા ખાતર ઉપરોકત મુદ્દા નં. ૧ તથા ૨ ની ચર્ચા ભેગી કરવામાં આવે છે.

(૯) પ્રસ્તુત કેસમાં સૌ પ્રથમ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો તથા તેનુ વિશ્લેષણ કરીએ તો આ કેસનુ સમગ્ર રેકર્ડ જોતાં આ કામના ફરીયાદી : સિધ્ધરાજભાઈ બાબુભાઈ કોપસાને આં ક:૦૯ થી મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા છે અને તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ એક વર્ષ પહેલાં બનેલો. બનાવમાં કાં.સ.કી. સાથે સામાન્ય બોલાચાલી થયેલી.તે સિવાય બીજ કશુ બનેલ નથી. બોલાચાલીની ફરીયાદ તેમને શામળાજી પો.સ્ટે.માં લખાવેલી. જે ફરીયાદની ખરી નકલ તેમને બતાવવામાં આવે છે. જેમાં તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે.જેને રજુ દાખલ આંક:૧૦ આપવામાં અવો છે.કાં .સ.કી.ને તેઓ ઓળખી બતાવે છે. જે આજરોજ નામદાર બોર્ડ સમક્ષ હાજર છે.

બાદમાં સદર ફરીયાદીને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરેલા છે અને સરકાર તરફેની લીધેલ ઉલટતપાસમાં તેઓએ તમામ પ્રશ્નોનો ઈન્કાર કરેલ છે

બાદમાં કા.સ.કી.નાઓના વિ.વકીલશ્રીએ લીધેલ ઉલટતપાસમાં કા.સ.કી.એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેમને ઘરબેઠા રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે. તેમજ કાં.સ.કી.એ કોઈ હથિયાર ધારણ કરી તેમને કોઈ ઈજા કરેલ નથી કે કોઈ ધમકી આપેલ નથી કે ગાળો આપેલ નથી.તે તમામ હકીકતોનો સ્વીકાર કરેલ છે.

આમ,આ ફરીયાદી સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને વંચાણે લઈએ તો બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ તે સીવાય બીજુ કાંઈ બનેલ નથી તેમ પોતાની સરતપાસમાં જણાવે છે તેમજ આ સાહેદ સરતપાસ અને ઉલટતપાસનો પુરાવો જોતાં બંને એકબીજાથી વિરોધાભાસી હકીકતો જણાવે છે .ફરીયાદીની સમગ્ર જુબાની ધ્યાને વંચાણે લેતાં અને ઉલટતપાસ ધ્યાને લેતાં કા.સ.કી.ઓએ તેમને ગાળો આપેલ નથી કે તેમને હથિયાર ધારણ કરી ઈજા કરેલ નથી કે કોઈ ધમકી આપેલ તેવુ બનેલ નથી . તેમજ કાં.સ.કી.ને તેઓ ઓળખી બતાવે છે. તે તમામ હકીકતો કબુલ રાખેલ છે.આમ,આ કામના કાં.સ.કી.નાઓએ ફરીયાદીને માર મારેલ હોવાનુ કે બીભત્સ ગાળો બોલેલ હોવાનુ કે જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોવા અંગેનો કોઈજ પુરાવો

આપતા નથી .આમ,આ ફરીયાદી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર રજુ કરતા નથી.આથી આ ફરીયાદીનો પુરાવો માનવાલાયક બનતો નથી.

**(૧૦)..** તે જ રીતે સાહેદ : સહદેવભાઈ બાબુભાઈ કોપસાને આંક: ૧૧ થી તપાસવામાં આવેલ છે.તેમનો સોગંદ પરનો મૌખિક પુરાવો જોતાં સદર સાહેદે પણ તેમના પુરાવામાં ઉપરોકત ફરીયાદી સાહેદ સિધ્ધરાજભાઈ બાબુભાઈ કોપસાનાએ તેમનો આંક : ૦૯ ના મૌખિક પુરાવામાં બનાવ અંગેની જે કોઈ હકીકત જણાવેલ છે તેવીજ એકસરખી (સ્ટીરીયો ટાઈપ કોપી મુજબ) હકીકત જણાવેલ છે. અને આ સાહેદને પણ ફરીયાદ પક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલા છે.જેથી પુરાવાનું પુનરાવર્તન ટાળવા સારુ સદર સાહેદએ આપેલ મૌખિક પુરાવાની વિસ્તૃત ચર્ચા કરેલ નથી. જયારે આ સાહેદએ કાં.સ.કી. તરફે કરેલી ઉલટતપાસ પણ ફરીયાદી સાહેદની ઉલટતપાસ મુજબ (સ્ટીરીયો ટાઈપ કોપી ) જણાવેલ છે. આમ, આ સાહદએ પણ ફરીયાદપક્ષના કસની હકીકતોને સમર્થન આપેલ નથી.

આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ તટસ્થ સાહેદોને તપાસવામાં આવેલ નથી.

**(૧૧)** પ્રસ્તુત કેસમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવા મુજબ આંક:૧૨ થી ગુનાવાળી જગ્યાનુ પં ચનામુ તથા આંક: ૧૩ થી મારક હથિયાર કબજે કર્યાનું પંચનામુ તથા આક: ૧૪ થી તથા આં ક:૧૫ થી મેડીકલ સર્ટીફીકેટ કાં.સ.કી. તરફે આંકે પાડી પુરાવામાં વંચાણમાં લેવા સારું રજુ કરેલ છે,તથા આંક : ૧૬ થી વધુ પુરાવો રજુ કરવા માગતા નથી તે બાબતની કલોઝીંગ પુરસીસ પુરાવામાં રજુ રાખેલ છે. પરંતુ, આ કામે સદર રજુ થયેલ પંચનામાઓના પં ચ સાહેદોને કે અન્ય સાહેદોને મૌખીક પુરાવામાં તપાસવામાં આવેલા ન હોઈ રજુ થયેલ તમામ દસ્તાવેજોની હકીકતો પુરવાર થયેલ ગણાય નહી. જો કે પ્રસ્તુત કેસમાં તપાસેલા ફરીયાદી તથા અન્ય સાહેદો થકી ફરીયાદ પક્ષનો કેસ સાબિત થતો ન હોય હાલના રજુ કરેલ દસ્તાવેજી પુરાવાનું કોઈ મૂલ્ય આંકી શકાય તેમ નથી.આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૧૨) આમ, ફરીયાદ પક્ષનો ઉપરોકત સમગ્ર પુરાવો ઘ્યાને વંચાણે લઈએ તો અને સમગ્ર પુરાવાઓનુ એકબીજા સાથે મૂલ્યાંકન કરીએ તો,ફરીયાદી સાહેદ પોતાની સરતપાસની જુબાનીમાં ખરેખર કહેવાતો બનાવ કયારે, કેટલા વાગ્યે અને કયા સ્થળે બનેલો તે પોતાની સોગંદ પરની જુબાનીમાં કયાંય જણાવતા નથી.ફરીયાદીની સમગ્ર જુબાની જોતાં હાલના કા.સ. કી. નાઓએ તેમને શું ગાળો બોલેલ કે કયા પ્રકારની ધમકી આપેલી તે આ કામના ફરીયાદીના પુરાવા પરથી સ્પષ્ટ જણાઈ આવતું નથી. ફરીયાદીને ભયભીત કરી એકબીજાને મદદગારી કરેલ હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી.આમ,આ કામના ફરીયાદ પક્ષ હાલના કા.સ.કી.ને સદર ગુનામાં સાંકળતો હોવાનો કોઈ જ પુરાવો રજુ કરતા નથી, જેથી, ફરીયાદીનો પુરાવો સહજ,કુદરતી અને વિસ્વસનીય અને માનવાલાયક જણાતો નથી. પ્રસ્તુત કેસમાં ફરીયાદ પક્ષે તપાસેલા ફરીયાદીને વિમુખ થયેલા જાહેર કરવામાં આવેલા છે અને આ ફરીયાદી બનાવ કયારે, અને કયા સ્થળે બનેલો તે પોતાની જુબાનીમાં કયાંય જણાવતા નથી આ ફરીયાદી કાં.સ.કી. તરફેની ઉલટતપાસમાં ફરીયાદ હકીકતોને મદદરૂપ થાય તેવો કોઈજ પુરાવો આપતા નથી. આમ,ફરીયાદીનો પુરાવો અધૂરો,અધકચરો હોઈ ફરીયાદ પક્ષની હકીકતોએ સહજ, કુદરતી અને વિસ્વસનીય રીતે માનવાલાયક બનતો નથી.આમ,આ ફરીયાદીનો પુરાવો પણ ફરીયાદ પક્ષને સદર કા.સ. કી. નાઓને હાલના ગુનાઓ સાથે સાંકળતો હોવાનો પુરાવો જણાઈ આવતો નથી. આમ,બંને પક્ષોની દલીલો તથા રજુ થયેલ સમગ્ર: પુરાવો વંચાણે લેતાં હાલના કાં .સ.કી.એ ફરીયાદી સાહેદોને ગાળો બોલી ગુન્હો કરેલ હોય, જાહેરમાં હથીયાર ધારણ કરી અધિક જીલ્લા મેજી. સાહેબ, અમરેલીનાઓનુ હથિયાર બંધીનુ જાહેરનામુ અમલમાં હોવા છતાં જાહેરમાં મારક હથિયાર ધારણ કરી, આઈ. પી. સી. કલમ:૧૧૫ (૨),૧૧૮(૧),૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર ગંભીર ગુન્હો કરેલ હોવાના કોઈ જ તત્વો પડેલ પુરાવા ઉપરથી ફલિત થતા નથી.

(૧૩) આમ, પ્રસ્તુત કેસમાં ઉપરોકત કેસની એકંદર હકીકતો તથા

સંજોગો, ફરીયાદ પક્ષે રજૂ કરેલા પુરાવા અને તેમાં રહેલ વિસંગતતાઓ,ખામીઓ તથા આવેલ વિરોધાભાસ,બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો તેમજ ઉપરોકત પારામાં કરેલ ચર્ચા તથા આપેલ કારણો લક્ષ્યમાં લેતાં આ કામે આ૦રપીઓ તથા કાં.સ.કી.એ તા.૦૯/૦૮/૨૦૨૫ ના આશરે કલાક.૧૬/૦૦ વાગ્યાના આસપાસ મોજે રોમળા ગામે તળાવ નજીક રોડ ઉપર આ કામના ફરીયાદી તથા સાહેદનાઓ મો.સા લઈ શામળાજી આવવા સારુ નીકળેલ હતા તે વખતે રામેળા ગામે તળાવ નજીક રોડ ઉપર આ કામના આરોપી નં.૧ તથા ૨ નાઓ તેઓની મો.સા ઉભી રખાવી જુના ઝઘડાની અદાવત રાખી આરોપી નં.૧ તથા આરોપી નં.૨ નાઓ મો.સા ઉપરથી નીચે ઉતારી આરોપી નં.૧ નાઓ ફરીયાદીને માથાના ભાગે ધારીયાનો લોખંડનો હાથો મારી ઈજા કરી તથા આરોપીનં.૨ નાઓએ ફરીયાદીના જમણા હાથ ઉપર લોખંડની પાઈપ મારી ઈજા કરી ફરીયાદીને નીચે પાડી ગડદાપાટુનો માર મારતા હોય તે વખતે આ કામના સાહેદ સહદેવભાઈ બાબુભાઈ કોપસાનાઓ ફરીયાદીને બચાવવા વચ્ચે પડતાં આ કામના આરોપી નં.૨ નાઓએ સાહેદ સહદેવભાઈ બાબુભાઈ કોપસાનાઓના જમણા હાથ ઉપર લોખંડની પાઈપ મારી ઈજા કરી તથા આરોપી નં.૩ તથા કાં.સ.કી.નાઓ પાછળથી આવી આરોપી નં.૧,૨,૩ નાઓ તથા કાં.સ.કી.નં.૪ નાઓ આવી ફરીયાદી તથા સાહેદનાઓને મા બહેન સામી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મે.જીલ્લા મેજી. સા.શ્રી ના ચાલતા જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી બી.એન.એસ.કલમ: ૧૧૫ (૨),૧૧૮(૧),૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબના ગુનાઓની કાયદાકીય જોગવાઈઓ અને તેનુ પરિપેશ્ય લક્ષ્યમાં રાખતાં આ કામે ફરીયાદ પક્ષ કા.સ.કી.નાઓ સામેનો આક્ષેપ તથા આક્ષેપીત ગુનાઓ નિ:શંકપણે સાબીત કરી શકેલ ન હોય કા.સ.કી.નાઓ સામેનું તહોમત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય/ જવાબ **નકારમાંઠ**રાવુ છુ.અને મુદ્દા નં.૨ હેઠળ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૧૪) **:: આખરી હુકમ ::**

:૧: આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ તમામ બાળકિશોર નાઓને

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૨૪૮(૧) અન્વયે, બી.એન.એસ. કલમ: ૧૧૫ (૨),૧૧૮(૧),૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબના ગુન્હાઓ સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

:૨: આ કામે રજૂ થયેલ મુદ્દામાલ પાવતી નં.૭૭/૨૫ માં જણાવેલ તમામ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હૂકમ કરવામાં આવે છે.

:૩: આ કામના કાયદાના સંઘર્ષમાં આવેલ તમામ બાળકીશોરને ક્રિ.પ્રોસી. કોડની કલમ: ૪૩૭ (,એ) અન્વયેના જામીન આપવા.

:૪: આજરોજ તારીખ: ૦૩ જી, માહે : જુલાઈ , સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી બાળ અદાલતમાં હુકમ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સભ્યશ્રી,
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ
મોડાસા

સભ્યશ્રી,
જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ
મોડાસા

**(એસ.આર.શર્મા)**
**પ્રિન્સીપાલ મેજીસ્ટ્રેટ**
**જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ**
**મોડાસા**
**No.GJ**–01571